R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 8 November - 2011

## પૈસા હાથનો મેલ – ખેલ

આજના યુગમાં પૈસા કેવું કામ કરે છે દરેક જણ એમ જ કહે છે કે પૈસા પૈસા શું કરો છો...પૈસા તો હાથનો મેલ છે પણ ભાઈ હાથનો મેલ ધોવા માટે સાબુ જોઈએ અને સાબુ માટે પણ પૈસા જોઈએ. એક માગતાવાળો બીજા માગતાવાળાને કહે છે પૈસા ભાઈ હાલ નથી, પૈસા આવશે એટલે પૈસા દુધે ધોઈને આપીશ. પરંતુ હાલમાં દૂધે ધોવા માટે દુધના પણ પૈસા નથી.

એક આરોપી કોર્ટમાં છોડાવવા માટે વકીલ સાહેબે તનતોડ મહેનત કરી પણ મેજીસ્ટ્રેટ સાહેબ કોઈ હિસાબે આરોપીને છોડવા તૈયાર નહીં. વકીલ સાહેબે ફરી તારીખે કોર્ટમાં આરોપીને છોડવા માટે સાહેબની કોર્ટમાં વકીલ સાહેબ કોરી ફાઈલમાં દસ હજાર રૂપિયાનું બંડલ મૂકયું અને સાહેબને કહ્યું આરોપીને છોડવા માટે આ એક પુરાવો બરોબર છે, પૂરતો છે, મેજસ્ટ્રેટ સાહેબે એ પૂરી ફાઈલમાં એક પણ કાગળ આધાર-પુરાનો નહીં ફક્ત દસ હજાર રૂપિયાનું એક બંડલ જોઈને વળતી ફાઈલમાં એક ચબરખી લખીને વકીલ સાહેબને પરત આપી. વકીલ સાહેબે ફાઈલ ખોલી અને વાંચ્યું તમે મુકેલ એક પુરાવો છે તો આવા બીજા બે પુરાવો મુકો તો આરોપીને છોડી શકાય.

- સંકલન

**2nd Cover Page**



શ્રી બાલાસિનોર નગરના આમંત્રીત મહેમાનો અને શ્રી બાલાસિનોર નવયુવક સંઘના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ



'ચલો બાલાસિનોર'ના સમગ્ર પ્રોગ્રામમાં
ઉનકૃષ્ટ કાર્ય કરનાર બાલાસિનોરના કાર્યકર્તાઓ અને શ્રી બાલાસિનોર નવયુવક સંઘના હોદ્દેદારો

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૫ | ૮ | ૧૪-૧૧-૨૦૧૧ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટર પ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર-૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# ફરી એક વાર 'ચાલો બાલાસિનોર'

**તંત્રી સ્થાનેથી**

બાલાસિનોરના લોકોનો કોલ હતો 'આવો બાલાસિનોર' અને શ્રી બાલાસિનોર નવયુવક સંઘે કોલ આપ્યો. 'ચાલો બાલાસિનોર'. આ બન્ને કોલ થી આ વર્ષે દિવાળીમાં લગભગ ૫૦૦ થી વધુ મુંબઈવાસીઓ પોતાના વતન બાલાસિનોરમાં પહોંચી ગયા. લગભગ ૧૬ વર્ષ પછી 'ચાલો બાલાસિનોર' ફરીથી યોજાયું. ગયા ડિસેમ્બરમાં તંત્રીસ્થાનેથી કરેલી વિનંતીને પ્રતિસાદ આપતાં નવયુવક સંઘે આ જવાબદારી ઉપાડી લીધી છે એ ખુબ આનંદની વાત છે. વિખરાતા બાલાસિનોરવાસીઓને જો ભેગા રાખવા હશે તો ફક્ત 'ચાલો બાલાસિનોર' દ્વારા જ રાખી શકાશે. મુંબઈમાં દુર દુર રહેતાં લોકોને વારંવાર અને લાંબો સમય સુધી ભેગા કરવા શક્ય નથી. આપણે આટલી બધી સંસ્થાઓ ઉભી કરી, આટલી બધી યોજનાઓ કરી અને પુષ્કળ ભંડોળ ઉભું કર્યુ. પરંતુ જો લોકોજ એકજુથ થઈને નહીં રહે અને સાથે નહીં મળે તો આ બધું જ નકામું થઈ જશે. એટલે જ 'ચાલો બાલાસિનોર'ના આયોજનને યોજનાનું સ્વરૂપ આપવું જરૂરી હતું. આ યોજના હેઠળ ચાલો બાલાસિનોર નિયમીત યોજાતું રહે એવી શુભેચ્છા અને આયોજન કરનાર સંઘના કાર્યકર્તાઓને અભિનંદન.

પ્રથમ ચારે ચાર આયોજનમાં મેં ભાગ લીધો હતો એટલે આ વર્ષે પણ પ્રતિકુળ સંજોગો હોવા છતાં 'ચાલો બાલાસિનોર'નો હિસ્સો બનવા પહોંચી ગયો. ગામમાં ફરતાં ફરતાં જુના દિવસો અને વિતેલા વર્ષોના

બાલાસિનોરની ઝલક મનમાં યાદ કરતો હતો. ઘણું બધું સારા માટે બદલાયેલું હતું. પણ ઘણી સારી યાદો ખોવાયેલી લાગી. છાપામાં બે ચિત્રો વચ્ચેના ફરક શોધવાની રમતની જેમ નવા અને જુના બાસાસિનોરમાં ફરક શોધવા લાગી મારી આંખો અને મન. નવાબના બળી ગયેલાં મહેલના અવશેષો હવે નથી. નગરની આજુબાજુ ફરતી ફોર્ટની દિવાલો થોડી દેખાય છે, પણ સાથે બંધાયેલા ઝુંપડામાં મળી ગઈ છે. વાડીકુવો, રબારીઓના ઝુંપડાની પાછળ ખોવાઈ ગયો છે. નગરના ચાર દરવાજામાંથી એકેય ના અવશેષો પણ દેખાતાં નથી. આપેશ્વર મહાદેવ અને ભીમ ભમરડાની આજુબાજુના જંગલો ગાયબ છે. દેવદત્ત કાકાની વાડીએ કુવાના પાણીમાં નહાવાની અને તાજા તોડાયેલા લીંબુનું શરબત પીવાની મજા ફક્ત યાદોમાં ખોવાયેલી છે. સુદર્શન તળાવમાં ભીના લેંઘામાં હવા ભરીને તરતાં શીખતાં અને બેટ સુધીની તરવાની રેસ લગાડતાં ભુલકાંઓ ગાયબ છે. બગીચાની બાહર વડના પાનમાં કાંદા કેરી વેચતાં ફેરીયાઓ અને વાડીના બાહર બે પુરીના બદલામાં પેલું ગોળ ફેરવી અવાજ કરતું ચકરડું વેચતા માંગણો મીસીંગ છે. લાલ પીળી પીપર મીંટો, ભાવસારના ફાફડા ચટણી, પેલો દુધ કોલ્ડ્રીંકવાળો, સંચાના આઈસ્ક્રીમવાળો, ગોરસ આમલીને રાયણાવાળા ગેરહાજર છે. ચમારવાડામાં હવે પેલા લાકડાના બીબા લઈને પગના જુતા બનાવનાર કારીગરો ગાયબ છે. એક નવું થિયેટર થતાં જુના ત્રણ ગાયબ છે. આંખના નેજવે હાથ રાખી અચાનક ઓળખીને 'આ મારો પ્રવિણાનો ભાણો આયો, આય ભાઈ પરસાદ આલું' કહીને આવકારનાર વડીલો નથી. 'લે ગાય, ગાય' કહીને ગાયોને પ્રેમથી રોટલી ખવનારનાર માસીઓ પણ હવે નથી અને એટલે જ કદાચ શેરીઓમાં ફરતી ગાયો અને ભુંડ હવે ઝાઝા રહ્યા નથી. વાંદરાઓ અને ગધેડાઓ પણ જોવા મળતાં નથી. ગામની શેરીઓમાં ખુલ્લા ઘરોની સામે બંધ ઘરોની સંખ્યા ખુબ વધારે છે, કેટલાંક મહેલ જેવા ઘરો તો જાણે વર્ષોથી વાટ જોતા થાકીને વૃધ્ધ થઈ ગયા છે. નવા ઘરો બંધાય છે. વાસ્તુપુજામાં લોકોને બોલાવાય છે પણ એકાદ બે વર્ષમાં એને પણ કાયમનું તાળુ વસાઈ જાય છે. લોકો ઘર અંદરથી સજાવે છે પણ ઘરની બહાર કચરો ફેંકવાની પ્રથા હજી કાયમ રાખી છે. વાડીમાં દડીયા, પતરાળ, પંગતો, પીરસવાવાળાઓની જુની પ્રથા બુફે અને થાળી વાટકી ચમચીઓએ લીધી છે. મોહનથાળ ને ફુલવડી પણ ધીરે ધીરે ભુલાતી લાગે છે. (આ વર્ષે બેસતાં વર્ષે જો કે આજ મેનુ હતું.) શેરીએ શેરીએ ફરીને બુમો પાડીને નોતરાની પ્રથા પણ બંધ થઈ ગઈ છે.

સામે મંદિરોની સંખ્યામાં ખાસો વધારો થયો છે. હનુમાન ટેકરી હવે ઉજવણીનું મુખ્ય સ્થાન બની ગયું છે. કેદાર મહાદેવનો જીર્ણોદ્ધાર અને વિકાસ થયો છે. પણ આપણે બનાવેલી રૂમો હજી ખાસ વપરાયા વગર પડી રહી છે. ગામમાં આપણી શ્રદ્ધા અને આસ્થા મોટા મંદિર મદનમોહનજીના મંદિર અને બખલીવાળાનાં મંદિરોમાં વહેંચાઈ ગઈ છે. હવે ગામમાં ગણપતિથી સાઈબાબા સુધીના બધા ભગવાનની સ્થાપના થઈ ચુકી છે અને હજી ધસારો ચાલુ જ છે. સ્મશાન પણ મરવાનું મન થાય એવું સરસ થઈ ગયું છે. કાંતીપાર્કનું નવીનીકરણ થઈ રહ્યું છે. બગીચા રેસ્ટોરન્ટ વાડીના સાંજના જમણનો પર્યાય બની ગઈ છે. ફગવાનું નુતનીકરણ થઈ ગયું છે. હોસ્પીટલ કોલેજ અને સ્કુલોમાં મુંબઈના પૈસાનો સારો

ઉપયોગ થયેલો દેખાય છે. કે.એમ.જી. થોડા ઘણા પ્રશ્નો સાથે પણ તાલુકાની શ્રેષ્ઠ હોસ્પીટલ બની ગઈ છે, અને કોલેજમાં ગામ, ગામથી વિદ્યાર્થીઓ ભણવા આવી રહ્યા છે. મારી જુની યાદોમાં ધાબાં (અગાસી) ઉપર સુકવતાં રસના પાપડ, કાતરી, સાબુદાણાની પાપડીને સેવ હવે ભુતકાળ બની ગયો છે. ખુલ્લા આકાશની નીચે તારાંઓને જોતાં જોતાં વાતો કરતાં કરતાં સુવાની મજા ભુલાઈ ગઈ છે. જો કે આ મઝા મેં આ વર્ષે માણી. ગોટીઓ ગીલ્લી દંડા અને નારગોળીઆની રમત ભુલાઈ ગઈ છે. બસ સ્ટેન્ડથી સામાન સાથે નાના ભુલકાઓની લારી ઉપર બેસીને ગામમાં જવાની મજા, રીક્ષાઓએ છીનવી લીધી છે. રોજ સાંજે ગાડામાં ટાંકી લઈને ધુળીયા રસ્તાઓ ઉપર છટાંતુ પાણી અને એની સાથે ઉઠતી માટીની સુગંધ ભુલાવા લાગી છે. આટલું બધું બદલાયું છે આટલું બધું ભુલાયુ છે છતાં પણ આ ગામ મને મારૂં લાગે છે. પોતાનું લાગે છે. મુંબઈની ધમાલભરી જીંદગીમાંથી બેચાર દિવસ છુટી ને અહીંની શાંતિ માણવાનું જરૂરી લાગે છે. એમાં પણ 'ચાલો બાલાસિનોર'નું આયોજન. ત્રણ ટાઈમ ખાવાપીવાની વ્યવસ્થા, જવા આવવાની વ્યવસ્થા અને રાત્રે વિવિધ કાર્યક્રમોનું આયોજન થતું હોય અને આપણા જ માણસો, મિત્રો, સાથીઓની સાથે રહેવા મળતું હોય તો આવો લ્હાવો ગુમાવવો ન જ જોઈએ. આ વર્ષે થોડા નસીબદાર લોકોએ આ મોકો ઝડપ્યો છે. આની પહેલાનો 'ચાલો બાલાસિનોર'નો હાઈએસ્ટ સ્કોર ૧૧૦૦ માણસોનો છે. આશા રાખું છું નવયુવક સંઘને આ રેકોર્ડ તોડવાનો મોકો આપ સૌ જરૂરથી આપશો.

**- નિખિલ પરીખ**

# 'વૈશ્નવ જન તો તેને કહીએ રે, જે પીડ પરાઈ જાણે રે...'

## પરપીડ અને પરિગ્રહ

- ઉષા શૈલેષ ધારીયા

હજારો કોટિ કોસેટાઓ ઉકળતા પાણીમાં નાંખીને સિલ્ક બનાવાય છે. હજારો કિલો બીફ મેળવવા કેટલી ગાયોની કતલ થાય છે. મટન, કલેજી, પાયા, ટંગડી, કબાબ, ચીકન સુપ, ચીકન કબાબ, બ્રેસ્ટ વગેરે માટે કરોડો બકરા, મરઘાંને મારવામાં આવે છે. હાથીદાંત મેળવવા હાથીનો નાશ કરાય છે. કસ્તુરી મેળવવા કસ્તુરી મૃગને મારી તેની નાભીમાંથી કસ્તુરી કાઢવામાં આવે છે. સોહીગસૂઠ બનાવવામાં કસ્તુરી વપરાય છે.

મંદિરોમાં ઢોલ નગારા વગાડાય છે એ ઢોલ માટે મરેલા પ્રાણીનું ચામડું વપરાય છે. કાફ લેધરના વોલેટ, ચંપલ, બૂટ વાપરવા બહુ ગમે છે એ શું છે ? અને કેવી રીતે મેળવાય છે. કાફ ગાયના વાછરડાને કહેવાય છે. હવે સમજાશે તમને કે કેવી રીતે મેળવાય છે.

બંગાળી લોકો ઘર દ્વારે પુકુર રાખે છે અને એમાં માછલીઓ ઉછેરી રોજ માછલી ખાવામાં સમાવે છે એથી એ લોકો બહુ જ સુંદર હોય છે. ગોરી સ્કીનમાં ઓઈલની ખામી જણાય છે. એટલે કે ડ્રાય સ્કીન હોય છે. ગોરી સ્કીન ટેંડર હોય છે તેથી સ્કીન પર રેશિસ જલ્દી આવે છે. કફ, શરદી, જલદી થાય છે. જ્યારે ઘઉવર્ણી સ્કીનમાં નમણાશ હોય અને ઓઈલી સ્કીનના હિસાબે ચમકદાર હોય છે. આમ પ્રાણી જન્ય ચરબી મેળવવાના વલખાંએ માનવી કંઈ કેટલાય જીવોની હત્યા કરી રહયા છે. માટે જેમ બને તેમ પરિગ્રહ ઓછો કરો. આપણા એકલા જીવ માટે જો જીવોની હત્યા સમાયેલી હોય એ બની શકે તો એવોઈડ કરે.

જીલેટીન શું છે ? એક ઠેકાણે કીટી પાર્ટી ચાલતી હતી. બધાંજ ઘરનાં કહેવાય એવા નાના મોટા ભેગા થઈ આનંદ કરતાં હતા. અગીયારસનો દિવસ. અમે અગીયારસ કરી છે એવી પાંચ, સાત બેનો ચાલુ અનાજનો નાસ્તો કરવાની ના કહી એટલે એ બહેને જેલી અને આઈસ્ક્રીમ સર્વ કર્યો. જેલીમાં હાકડાનોં ભૂકો આવે છે, અને આઈસ્ક્રીમ જો બહારનો હોય તો કોર્ન ફ્લોર, કસ્ટર્ડ યા તો એગ આવે છે. શુદ્ધ નારીયેળ પાણી પીઓ, જાત વટલાવાશે નહી. પ્રભુનું નામ દેવાય તો ઠીક, સ્ત્રોત પાકા થાય ન થાય પણ બાળકોને નોનવેજ ખાતાં રોકશો તો પ્રભુનું નામ દેવા બરાબર જ છે.

રૂનો પાક ખેતરમાં થાય છે. જ્યારે ઉન ઘેટાના શરીર પરથી ઉતરડાય છે. ઠંડીમાં જેને કુદરતી બક્ષિસ મળેલી છે તેમને ઠંડી સામે રક્ષણ મળી શકતું નથી અને આ ઉતરડાયેલા ઉનમાંથી સ્વેટરો, ધાબળા, મફલરો, ગ્લોવ્સ, ટોપીઓ, સુટના કાપડ બનાવવામાં વપરાય. જ્યારે આપણાં વડીલો રૂના ગોદડા, રજાઈ, ઓઢતાં અને ડગલીઓ રૂની પહેરતાં, વિચારો આમાં દેહપરનું મમત્તવ અને પૈસા કમાવવાનું પ્રલોભન સમાયેલું છે. સ્વાદ અને સુંદરતા પ્રાપ્તિનું સાધન એટલે પર જીવનો વિનાશ. કહેવત છે. 'જીવો જીવસ્ય કારણમ' વરખ બનાવવા પહેલાં ચાંદીની કણ મૂકી બે ચામડા વચ્ચે ટીપાય અને વરખ રેડી બને છે. જે ચામડા વચ્ચે ટીપાય એ એકદમ માસુમ નાના પ્રાણીનું હોય આવી તો બીજી અનેકાનેક ચીજ વસ્તુઓ છે જે પ્રાણીજન્ય ચરબીમાંથી બને છે જેમ કે સૌંદર્ય પ્રસાધનોની લીપસ્ટીક આમજ બનાવાય છે. દવાઓમાં પણ કોડલીવર ઓઈલ એ કોડ અને વ્હેલ નામની માછલીમાંથી મેળવાય છે.

વૃક્ષ એ વૈશ્નવ કહેવાય છે એ કાપી આપણી કાયા બાળવા માટે વપરાય છે. ઘરોમાં વપરાતા લાકડાની જગાએ સીમેંટ ક્રોંકીટ આવ્યું પરંતુ માનવ દેહ બાળવા, મણોના હિસાબે લાકડા બાળવામાં આવે છે. આપણાં બાળકો નોનવેજ ખાતાં થયા છે. જ્યારે ફોરેનના લોકો વેજીટેરીયન બનતા થયા છે. તેઓ આપણું દેશી ખાવાનું પ્રીફર કરે છે. નાના બીચારા મરઘીના બચ્ચાને જીવતા જીવ ઉકળતા પાણીમાં નાંખી ચીકન સુપ યા ચીકન સ્ટોક બનાવાય છે. હજારો લાખો મરઘાં બતકાંઓને અને પ્રાણીઓની મુલાયમ ગરદન મરોડી તેને મારી નાંખવામાં આવે છે. આવી જ રીતે સસલાં, હરણાં, સાપ, કીડીઓ, શેલ, કરચલાં વગેરે જીવોને મારી ભોજનમાં મોજ મસ્તી આણવામાં આવે છે. બકરાઓને હલાલ કરી ગરદનથી ઠાર કરવામાં આવે છે. વિચારો આપણા બાળકોની આવી હત્યા કોઈ કરે તો ? કંઈ ઠેકાણે હજારો કિલો ઘી હોમાય છે. હવનમાં અગ્નિમાં આ ઘી કેવી રીતે બને છે. વાછરડાંઓને પૂરેપૂરુ દૂધ આપે નહીં દૂધ વેંચી પૈસા રોકડા કરાય અને દૂધમાંથી ઘી રેડી થાય. બકરાના બલી અપાય છે. હજુ કંઈક નાના કસબાઓમાં વલ્ડવાઈડ વેજીટેરીયન સોસાયટીમાં આજે પણ દૂધને નોનવેજ ગણે છે. અને તેઓ દૂધ અને દૂધના પ્રોડકટનો ત્યાગ કરે છે. So many recipes are there in vegetrian cooking જેને આપણે ક્રીએટ નથી કરી શકતા. એને મારવાનો આપણને અધિકાર નથી જ નથી. દિશા ભૂલેલાઓ વિચારે આપણો જીવ છે. તેવી રીતે બીજાનો જીવ છે. આ ગરદન મરોડી, ઉકળતા પાણીમાં નાખી હલાલ કરી મરવાની મજબૂરીનો અહેસાસ તમારા રૂંવાડા ખડા કરી દેશે. વૈશ્નવતાને હોડમાં મૂકનાર આજના કોમ્પ્યુટર યુગના બાળકો, યુવાનો, લેડીઝો વિચારે જ્યારે આપણાં આંગળીએ ચપ્પુ વાગે તો તમે ચીલ્લાઓ છો. મુંગા જીવોને મારી રાંધી ખાવાય, પરપીડ જાણો કૃપણતા છોડો. ગુજરાતના ખેડૂતોના બળદની રેસ હતી,

લોકો જોવા ટોળે મળ્યા હતા આનંદ લેવા. સમય પસારતા હતા. આ બાજુ એક એક ખેડૂતના બળદ ગાડાની પાછળ ચાર થી પાંચ સ્કુટરો ચાલતાં હતા. અને ખેડૂતો બળદને મારવા એક સોટી રાખી બળદને ભગાવતાં હતા. આ સોટી પર વીજળીનો કરંટ લાગે એવા તાર બાંધેલા હતા. વીજળી પાછળ ચાલતાં સ્કૂટરોમાંથી સપ્લાય કરતાં હતાં, બળદને સોટી મારતાં તેને કરંટ લાગતો અને ગાડે જોતરાયેલાં બળદો છટપટાંતાં મોઢે ફીણ ફીણ સાથે જીવ બચાવતાં ભાગી રહ્યા હતા. મારું ગાડુ રેસમાં પહેલું આવે ઈનામ અમને જ મળે ? શું આ દૃશ્ય જ્યારે આંખથી જોતાં આંખ ચોધાર આંસુએ રોઈ પડી હતી. મુંગા જીવોની આ કારમી જીવલેણ યાતનાનો જવાબદાર સમાજ ક્યાં ? અને કેટલા અંધઃ પતનની ગર્તામાં ધકેલાઈ રહ્યો છે ? આ પાપ જ્યારે ઈશ્વર તોળશે ત્યારે પુષ્ટીમાર્ગી વૈશ્નવો બાળકોને, યુવાનોને મોટેરાંઓને વેજીટેરીયન બનાવશે. આ જીવતાં જીવોની અંતિમ ચીખોથી તમારી કૃપણતા છોડી જગાવો વૈશ્નવતાને... 'વૈશ્નવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણેરે.'

મોરના પંખા બનાવવા મોરના નૃત્ય માટે પીંછા પસવારવા કંઈક મોરની હત્યા થાય છે.

સહી દિશા તમારા સમાજના નોનવેજીટેરીયન લોકોના હૈયાને જગાઓ કતલખાના જોવા લઈ જાવ... જેટલાં જીવોની હત્યા આપણને બચાવીએ એજ પુણ્ય બટોરો...

એક જણનું કહેવું હતું કે બધાં વેજીટેરીયન બનશે તો આપણને અનાજ પુરુ નહિ મળે. આજના કોન્સીયસ બાળકો ડાયટીંગ કરે છે. સુપ સલાડ, અને ડાયટ ખોરાક ખાનારને પશુજન્ય ચરબી કેમ કરીને પચે ?

ગાઉટ, કેન્સર, વગેરે વગેરે રોગોથી ઘેરાવ એ પહેલાં કૃપણતા છોડી કાયમી ચીખોની ગુંજ વિસરી વેજીટેરીયન બનો... વૈશનવતાને વરો...

એજ અભ્યર્થના

પ્રભુ પાપનું પલડું તોલે એ પહેલાં વેજીટેરીયન બનો

જેને આપણે ક્રીએટ નથી કરી શકતા એ જીવોને મારી ખાવા એ શી રીત છે ?

'જાગો રે જીન જાગના અબ જાગન કી બાત<br>ફિર કયા જાગે નાનકા<br>જબ સોવે પાંવ પસાર'

**'ગુરૂનાનકદેવ'**

## Shri Surendra Ratilal Parikh (Surendra Engineering Corporation)
## Shri Daxeshbhai & Shri Minishbhai Babulal Kadakia (Kadakia Enterprise)
# Result of Indoor Games Tournament for the Year 2011 - 2012

**I) Carrom Singles (Jr.) Boys**
1) Krunal Nimish Desai
2) Harshil Jignesh Kadakia
3) Purav Viral Gandhi

**II) Carrom Doubles (Jr.) Boys**
1) Krunal Nimesh Desai
Prerak Viral Gandhi
2) Purav Viral Gandhi
Vrushank Sachin Kadakia
3) Dhruvin Sachin Kadakia
Harshil Jignesh Kadakia

**III) Carrom Singles (Jr.) (Gents)**
1) Devang Vyomesh Parikh
2) Sachin Ramesh Kadakia
3) Bhavik Rajesh Dharia

**IV) Carrom Doubles (Sr.) (Gents)**
1) Ajit Natvarlal Modi
Devang Vyomesh Parikh
2) Sachin Ramesh Kadakia
Aman Manoj Kadakia
3) Rajesh Kirtanlal Dharia
Uday Shah

**V) Carrom Singles (Ladies)**
1) Roma Manoj Kadakia
2) Disha Uday Shah
3) Pratiksha Ripal Gandhi

**VI) Carrom Doubles (Ladies)**
1) Roma Manoj Kadakia
Sejal Viral Gandhi
2) Pratiksha Ripal Gandhi
Krishna Prashant Parikh
3) Disha Uday Shah
Shilpa Paresh Modi

**VII) Carrom Mix Doubles**
1) Shaishav Uday Gandhi
Disha Uday Shah
2) Sachin Ramesh Kadakia
Sejal Sachin Kadakia
3) Manoj Kantilal Kadakia
Roma Manoj Kadakia

**VIII) Carrom Superhit Mukabala**
1) Rajesh Kirtanlal Dharia
Bhavik Rajesh Dharia
2) Uday Shantilal Shah
Shaishav Uday Shah
3) Nilesh Gokaldas Parikh
Prajal Nilesh Parikh

**VIIII) Table Tenis (Jr.) Boys Singles**
1) Divy Jatin Kadakia
2) Sparsh Samir Mody
3) Kashish Piyush Parikh

**X) Table Tennis (Sr.) Boys Singles**
1) Ketan Rajesh Gandhi
2) Samir Rameshchandra Desai
3) Anand Bankim Shroff

**XI) T. T. Double (Jr.) Boys**
1) Vrushank Sachine Kadakia
Kashish Piyush Parikh
2) Purav Viral Gandhi
Purav Chirag Parikh

3) Prerak Viral Gandhi
Yash Saumil Mody

**XII) T. T. Singles Ladies**
1) Rhitika Anand Shroff
2) Shefali Manish Kadakia
3) Prachi Ajay Mody

**XIII) T. T. Doubles (Ladies)**
1) Shefali Manish Kadakia
Rhitika Anand Shroff
2) Priti Anand Shroff
Prachi Ajay Mody
3) Sejal Viral Gandhi
Alpa Sachine Kadakia

**XIV) Badminton Singles (Jr.) boys**
1) Vrushank Sachin Kadakia
2) Purav Viral Gandhi
3) Yash Saumil Mody

**XV) Badminton Singles (Sr.) gents**
1) Samir Rameshchandra Desai
2) Nilesh Gokaldas Parikh
3) Anand Bankim Shroff

**XVI) Badminton Singles (Ladies)**
1) Ruchi Vishwas Sethana
2) Alpa Sachine Kadakia
3) Ragini Vishwas Sethana

**XVII) Chess (Jr.)**
1) Kavish Nihar Kadakia
2) Meet Nihar Kadakia
3) Dhruvin Sachine Kadakia

**XVIII) Chess (Sr.)**
1) Bhavik Rajesh Dharia
2) Viral Kirankumar Gandhi
3) Rajesh Kirtanlal Dharia

**- Convener - Ajit Natverlal Modi**
**Secretary - Bhavesh Modi**


## શ્રી ઠાકોરજીની કીર્તનાવલી ગ્રંથ

શ્રી ઠાકોરજીની કીર્તનાવલી ગ્રંથ છપાઈને આવી ગયો છે. તો રૂા. ૨૨૫/- ન્યોછાવર આપીને નીચે લખ્યા મુજબના સરનામે જરૂરીયાત હોય તો મેળવી લેવા કૃપા.

**ફોન નંબર - ૨૮૯૨૬૫૦૫**
**મોબાઈલ - ૯૮૧૯૮૨૯૨૬૬**

**સુધીર ધારીયા (રંગુનવાલા)**
૧૩/૧૪, બેસમેન્ટ સ્ટાર ટ્રેડ સેન્ટર,
ચામુંડા સર્કલ, પ્રબોધન નાટય ગૃહની બાજુમાં,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત 'ચલો બાલાસિનોર' વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં કદીયે ન ભુલાય એવા સંસ્મરણો ''શ્રી દેવાંગભાઈ રાજેન્દ્રકુમાર મોદી'' તરફથી મળ્યા છે. તો તે દરેક બાલાસિનરવાસીઓ સુધી પહોંચે એ હેતુથી જ્યોતિપુંજમાં પ્રગટ કરીએ છીએ.**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત**

# ચલો બાલાસિનોર ૨૦૧૧ - ૨૦૧૨

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆના શબ્દોમાં ''જનની જન્મભૂમિ સ્વ સ્વર્ગદીપી ગરિપસ'' અર્થાત જન્મ આપનારી માતા અને જન્મ લીધો તે ભોમકા સ્વર્ગથી પણ ભવ્ય અને સુંદર છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આ દીવાળીમાં ''ચલો બાલાસિનોર'' નું આયોજન થયું ત્યારે તેમાં ૧૮૦ જેટલા ઉત્સાહી લોકોએ ભાગ લીધો અને એટલા જ વતન પ્રેમી લોકો વતન ખાતે સામેલ થયાં ત્યારે લાગ્યું કે સાચે જ વતન પણ આપણામાં આપણી સાથે જ સદા હરતું ફરતું રહે છે, પરંતુ વતનનું સાચું મુલ્ય તો વતનથી દુર રહીને જ સમજાય છે.

**તા. ૨૪-૧૦-૨૦૧૧**ના રોજ જ્યારે બરોડા એક્ષપ્રેસ મુંબઈથી ઉપડી ત્યારે એક અનન્ય ઉત્સાહ અને રોમાંચ વતન જવા માટે લોકોમાં જોવા મળ્યો. ખૂબ જ શિસ્તબધ્ધ આયોજન, સીટોની ફાળવણી જરાય તકલીફ નહીં અને પ્રેમાળ કાર્યકર્તાઓનો સહકાર જોઈને લાગ્યું કે આ વર્ષનું 'ચલો બાલાસિનોર' વર્ષ ૨૦૧૧-૨૦૧૨ એ આટલા વર્ષોમાં થયેલા સૌ કોઈ આયોજન કરતાં ખૂબ જ સુંદર આયોજન હશે.

**તા. ૨૫-૧૦-૨૦૧૧**ના રોજ બરોડા સ્ટેશનથી બસોની સુંદર વ્યવસ્થા દ્વારા બાલાસિનોર ખાતે પ્રયાણ કર્યું. બાલાસિનોર ખાતે પહોંચ્યા ત્યારે અમારા સ્વાગત માટે લોકોને ઉભેલા જોઈને લાગ્યું કે સાચે જ વતનના લોકો આટલા માયાળુ અને પ્રેમાળ હોય છે. વતનમાં ઠેર ઠેર સ્વાગતના બેનરો લાગ્યા હતાં. બાલાસિનોરવાસીઓએ મુંબઈવાસીઓને આવકારતું સુંદર બેનર હોળી ચકલા ખાતે જોવા મળ્યું હતું. શ્રી ગોકુલનાથજી મંદીર આગળ પ્રથમ વખત 'ચલો બાલાસિનોર' લખેલું કંડીલ પણ લગાડયું હતું. ઠેર ઠેર રોશનીના લીધે આપણું વતન રોશનીથી ઝળહળી ઉઠયું હતું. બાલાસિનોરવાસીઓનો પ્રેમ અને ઉત્સાહ ખૂબ જ અનન્ય હતો.

સાંજે શ્રી હનુમાન ટેકરી પર અતી ભવ્ય ફડાકડાઓએ આખુ આકાશ ભરી દીધું ત્યારે આપણાં મુંબઈનું નરીમાન પોઈન્ટ પણ એની સામે ફીકુ હતું.

રાત્રીના ૯.૩૦ વાગ્યે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા 'મી. એન્ડ મીસીસ ચલો બાલાસિનોર' કપલ્સ ગેમનું શ્રી બાલાસિનોર લાયન્સ કલબ ખાતે આયોજન કરાયું હતું. આ અદભૂત ગેમમાં ૩૦ જેટલા કપલ્સોએ ભાગ લીધો અને ખૂબ જ ઉત્સાહથી જોવા આવનાર લોકોએ આ કાર્યક્રમ માણ્યો. આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી દેવાંગ રાજેન્દ્ર મોદી, જીગ્ના દેવાંગ મોદી, શ્રી હિમાંશુ મહેન્દ્ર મોદી અને વૈશાલી હિમાંશુ મોદીએ કર્યું હતું.

**તા. ૨૬-૧૦૨૦૧૧**ના દીવાળીના શુભપર્વે શ્રી ગોકુલનાથજી મંદીરેથી રાત્રે ૯.૩૦ વાગ્યે જ્યારે કિર્તનીયા નીકળ્યા ત્યારે વતનના દરેક વતનીઓએ ફટાકડા ફોડવાનું શરૂ કર્યા ત્યારે શ્વાસ થંભી ગયો અને આંખો આકાશ તરફથી મીંટ માંડવાનું ચુકી નહીં ને લાગ્યુ

કે જાણે અંધારા પર ઝળહળતા પ્રકાશનો વિજય થયો છે. આખું આકાશ રોશનીથી ભરાઈ ગયું છે. દરેકના અંતરમાં પ્રેમના દીવડાઓનો ઝગમગાટ થયો છે.

**તા. ૨૭-૧૦૨૦૧૧**ના નૂતન વર્ષાભિનંદનના દીવસે બપોરે શ્રી ગોકુલનાથજી મંદીર, શ્રી મદનમોહનજી મંદીર તથા વતનના અન્ય મંદીરોમાં અન્નકુટના દર્શન થયા ત્યારે સાચે જ ઠાકોરજીનો સાક્ષાત્કાર થયો. સાંજે કાંતીલાલ પબ્લીક પાર્ક ખાતે બાલાસિનોર નગરના સૌ બાલાસિનોરવાસીઓનું સ્નેહ મિલન યોજાયું. દરેક જણે વડીલોનાં આર્શિવાદ સાથે એક બીજાને મીણબત્તી પ્રગટાવીને નવા વર્ષની શુભકામનાઓ આપી. આખું ગામ જાણે નવા વર્ષને આવકારવા હિલોળાં લેતું હોય એમ લાગ્યું.

રાત્રે ૯.૩૦ વાગ્યે શ્રીનાથી પાર્ટી પ્લોટ પર શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા ઑકેસ્ટ્રા પાર્ટીનું આયોજન કરાયું હતું. ‘ચંદ્રા મુલે એન્ડ પાર્ટી’ દ્વારા જ્યારે સાત સુરોની સુરાવલી છેડાઈ ને ‘બહોત દુર સે આયે હેં પ્યારકા તોહફા લાયે હૈ’ સુંદર ગીતથી જ્યારે કાર્યક્રમની શરૂઆત થઈ ત્યારે લાગ્યું કે આ દીવાળી બાલાસિનોરવાસીઓના પ્રેમની સોગાત બની જશે. એક પછી એક લોકો આવતા ગયા અને આખો પાર્ટી પ્લોટ ભરાઈ ગયો. જુના અને નવા ગીતો દ્વારા એક પછી એક શમા બંધાતો ગયો ને સાથે ગરમા ગરમ સમોસા, કચોરી ને આઈસ્ક્રીમની લહેજત માણી. આ કાર્યક્રમમાં શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા બાલાસિનોર નગર ખાતેના અગ્રણી નાગરીકોનું પુષ્પ ગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું. માજી ધારાસભ્ય શ્રી રાજેશભાઈ પાઠકે (પપ્પુભાઈ) સ્ટેજ પરથી આપણા સહુ મિત્રોને સંબોધન કર્યું અને વર્ષો વર્ષ બાલાસિનોરમાં થતાં આવા દરેક પ્રોગ્રામમાં સંપુર્ણ સાથ અને સહકારની ખાતરી આપી ત્યારે લાગ્યું કે બાલાસિનોર અને મુંબઈનો સંબંધ સાચે જ અતુટ છે. દરેક લોકોએ રાત્રીના ૧ વાગ્યા સુધી આ કાર્યક્રમને માણ્યો.

**તા. ૨૮-૧૦-૨૦૧૧**ના દીવસે રાત્રે ૯.૩૦ વાગ્યે બાલાસિનોર નગર રાતે રહેતા શ્રી મણીકાંત કડકીઆ, શ્રી મયંકભાઈ કડકીઆ, શ્રી પ્રીયકાંત દેસાઈ, શ્રી કૌશીકભાઈ ચોકસી અને શ્રી ગોપાલભાઈ શાહ દ્વારા શ્રીનાથ પાર્ટી પ્લોટ પર ડી. જે. પાર્ટીનું આયોજન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રાસ-ગરબાથી થઈ અને પછી એક પછી એક દીલ બહેલાવી નાખનાર ગીતોની શરૂઆત થઈ. યુવાનો, વડીલોના પગ થરકવા લાગ્યા. જાણે લાગતું હતું કે આજની રાત થંભશે જ નહીં. સૌ મન મુકીને નાચ્યાં. ગરમા ગરમ દાલવડા અને ડેઝર્ટમાં ઠંડા ઠંડા બરફ ગોલાની વ્યવસ્થા કરાઈ હતી

આપણા વાડસોલ ભૂમીના વતનીઓ અને જેમણે બાલાસિનોરને જ પોતાની કર્મભૂમી બનાવી છે તેમના સાથ સહકાર, પ્રેમ, હૂંફ અને પ્રયાસવગર સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન શક્ય જ ન હતું. સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ ઉપસ્થિત સર્વેનું સ્વાગત કર્યું.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ શ્રી અને અન્ય હોદ્દેદારો દ્વારા નીચે પ્રમાણેના બાલાસિનોરના કાર્યકર્તાઓનું મોમેન્ટો આપી સન્માન કર્યું.

૧) શ્રી મણીકાંતભાઈ કડકીઆ
૨) શ્રી મયંકભાઈ કડકીઆ
૩) શ્રી પ્રીયકાંતભાઈ દેસાઈ
૪) શ્રી કૌશીકભાઈ ચોકસી
૫) શ્રી ગોપાલભાઈ શાહ
૬) શ્રી રાજુભાઈ ધારીઆ
૭) શ્રી દીલીપભાઈ ધારીઆ
૮) શ્રી શશીકાંત મોદી
૯) શ્રી સૌમીલ મોદી

૧૦) શ્રી મનોજભાઈ ધારીઆ
૧૧) શ્રી મનીષભાઈ શાહ
૧૨) શ્રી વ્રજેશભાઈ શાહ
૧૩) શ્રી અશોકભાઈ ધારીઆ
૧૪) શ્રી દીલીપભાઈ સોની
૧૫) શ્રી બીપીનભાઈ શાહ
૧૬) શ્રી નીતીનભાઈ શાહ
૧૭) શ્રી રોહીતભાઈ શાહ
૧૮) ડૉ. રાકેશભાઈ શાહ
૧૯) શ્રી રૂપેશભાઈ ધારીઆ

ઓરકેસ્ટ્રા અને ડી.જે. પાર્ટી બન્ને પ્રોગ્રામનું સુંદર સંચાલન શ્રી જીગર મણીકાંત કડકીઆએ કર્યું.

સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ધારીઆ એ પોતાના સુંદર વક્તવ્ય દ્વારા સૌને માતૃભૂમી સાથેનો આપણો નાતો સમજાવ્યો અને છેલ્લે સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશભાઈ શાહ (અહોડી) એ આભાર વિધી પ્રગટ કરી. મોડી રાત સુધી ચાલનાર આટલી સુંદર અને દીલ બહેલાવી નાખનારી ડી.જે. પાર્ટી દ્વારા બાલાસિનોર ખાતેના આપણાં સ્વજનોએ આપણને સાચે જ ખૂબ જ સુંદર દીવાળીની સોગાત આપી. શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા પાંચેય દીવસ વતન ખાતે સ્વાદીષ્ટ ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. રોજ સવારે નાસ્તામાં અલગ - અલગ વેરાયટીઓ જેમ કે મુન્નાભાઈના ફાફડા, પાપડી, ગરમા ગરમ ગોટા, જલેબી, ચટણી, સેવાલીયાના ખમણ અને સેવ ખમણી, બટાકા પૌંઆ, ઉપમા, ગાંઠીયા, રોજ જમવામાં ફરસાણ, મિષ્ઠાન એકેય વસ્તુઓ રીપીટ નહીં. રોજ રાત્રે નવી નવી વેરાયટીઓ જેવી કે છોલે-પૂરી, ચાઈનીઝ, પાઉંભાજી અને પંજાબી.

સ્ત્રીઓને રસોડામાંથી મુક્ત અને જીભને તો જાણે ટેસડો પડી ગયો. સાથે મુખવાસમાં આપણા માયાળું, હસમુખા કાર્યકર્તાઓનો પ્રેમ જાણે વાનગીઓનો છપ્પન ભોગ અને શ્રી રૂપેશભાઈ ધારીઆ (બલબલ) ઉર્ફે બાબાભાઈ દ્વારા મીનરલ વોટરની ઉત્તમ વ્યવસ્થાને તો કેમ ભૂલાય.

તેમજ મુંબઈ અને બાલાસિનોરના કાર્યકર્તાઓનો અદભૂત સેતુ બાંધનાર નાનાથી મોટા દરેક કાર્યમાં સાથ-સહકાર આપનાર અને બાલાસિનોર નવયુવક સંઘના કાર્યકર્તાઓ સાથે ખભે થી ખભો મીલાવી કાર્ય કરનાર શ્રી જીગર મણીકાંત કડકીઆને કેમ ભૂલાય.

'ચલો બાલાસિનોર' ના સંપૂર્ણ પ્રોગ્રામને ભવ્ય અને સફળ બનાવામાં સંસ્થાના ઉપપ્રમુખ અને ચલો બાલાસિનોર પ્રોગ્રામના કોડીનેટર શ્રી સૌમીલભાઈ મોદીએ સીંહ ફાળો આપ્યો છે.

**તા. ૨૯-૧૦-૨૦૧૧** 'ચલો બાલાસિનોર'ના પ્રોગ્રામના આખરી દીનની સમી સાંજે ૫.૩૦ વાગ્યે જ્યારે બસ દ્વારા બરોડા ખાતે પ્રયાણ કર્યું ત્યારે દીકરા અને દીકરીઓએ એમના માતા અને પિતાએ પુછ્યું કે હવે પાછાં બાલાસિનોર ક્યારે આવીશું ? ત્યારે આપણી આંખો ખુશીથી છલકાઈ ગઈ ને લાગ્યું કે આજ આપણી સાચી દીવાળી.

માતૃભૂમી પ્રત્યેનો પ્રેમ, માટીની ખુશ્બુ, નિષ્ઠાવાન અને નિસ્વાર્થ કાર્યકર્તાઓની ફોજ અને બાલાસિનોર ખાતે વસતા લોકોનો પ્રેમ છે તેથી પેઠી દર પેઠીને 'વાડસોલ'નું આકર્ષણ રહેશે.

'ચલો બાલાસિનોર' ના આયોજનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલા દરેક કાર્યકર્તાઓના નિસ્વાર્થ સાથ-સહકાર માટે અને સમગ્ર પ્રોગ્રામને સફળ કરવા બદલ શ્રી બાલાસિનોર નવયુવક સંઘના મંત્રી શ્રી ભાવેશ મોદી સૌનો હૃદયપૂર્વક આભાર માને છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૫ મી બેઠક તા. ૧૨.૧૦.૨૦૧૧ના રોજ બુધવારે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફિસે) સાંજે ૭.૦૦ કલાકે મળી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠે ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

બી.પી.એલ.ના સંયોજક શ્રી કીંજલ પરીખ એ એમનો અહેવાલ રજુ કર્યો હતો. તા. ૧૨.૧૧.૨૦૧૧ના રોજથી ટુર્નામેન્ટ ચાલુ થશે.

મહિલા વિભાગના સંયોજક શ્રી કુંજીબેન શાહે જણાવ્યું હતું નવરાત્રીનો પ્રોગ્રામ ૧૫.૧૦.૨૦૧૧ના રોજ થશે. તેમાં મુખ્ય મહેમાન શ્રીમતી કુસુમબેન નવનીતલાલ શેઠ છે તથા સ્નેહ સંમ્મેલન તા. ૯.૧૧.૨૦૧૧ના રોજ તેમાં મુખ્ય મહેમાન ઉષાબેન રજનીકાન્ત શાહ (ચકવા) છે.

મેડીકલેઈમ યોજનાના સંયોજક શ્રી ભરત પરીખે જણાવ્યું હતું કે આજ સુધી કુલ ૩૮ કુટુંબ અને ૧૧૮ મેમ્બરોએ આ યોજનાનો લાભ લીધો હતો.

ક્રીકેટના સંયોજક શ્રી ચીરાગ પરીખે જણાવ્યું હતું કે જનસાથી ટુર્નામેન્ટ તા. ૯.૧૦.૨૦૧૧ના રોજ થી ચાલુ થઈ ગઈ છે. તેમાં કુલ ૪ ટીમો રમશે.

ઉપનગર વિભાગના સંયોજક શ્રી નીમીષ ગાંધીએ જણાવ્યું હતું કે દાંડીયા રાસની રમઝટ તા. ૧૬.૧૦.૨૦૧૧ના રોજ નરવડે સ્કુલ કાંદીવલી ખાતે રમાશે. તેમાં મુખ્ય મહેમાન શ્રી મંગળદાસ મુળજીભાઈ ધારીઆ (શહેરાવાળા) રહેશે.

રસોત્સવના સંયોજક શ્રી હેમેન્દ્ર શાહ એ જણાવ્યું હતું કે તા. ૬.૧૧.૨૦૧૧ના રોજ 'જીવો તો વટ થી' નાટક ભાઈદાસ હોલ ખાતે ભજવાશે. તેમાં મુખ્ય મહેમાન શ્રી સુરેન્દ્રભાઈ રતીલાલ પરીખ રહેશે. ટીકીટોનું વિતરણ તા. ૨૩.૧૦.૨૦૧૧ના રોજ વિવિધ સેંટરો પરથી થશે.

ચલો બાલાસિનોરના કો-ઓરડીનેટર શ્રી સૌમિલ મોદીએ એમનો અહેવાલ રજુ કર્યો હતો. તેમાં એમણે જણાવ્યું હતું કે શ્રી કૌશીકભાઈ ચોકસી, મયંકભાઈ ચોકસી, મણીકાંતભાઈ કડકીઆ, પ્રીયકાંત દેસાઈ તથા ગોપાલ શાહ એ તા. ૨૮.૧૦.૨૦૧૧ના પ્રોગ્રામ DJ ગરબાનું આયોજન તેમના તરફથી કરવામાં આવ્યું છે.

કુલ ૨ લીવ આવી હતી અને ૪ નવા મેમ્બરશીપની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**- મંત્રી - ભાવેશ મોદી**

## હું તો વલ્લભલાલની નાનકડી બાળ

હુંતો વલ્લભલાલની નાનકડી બાળ
મમતા પસવારી લેજો મારી સંભાળ... હુંતો
પ્રિયકર મુજને તમારું નામ શ્રી વલ્લભલાલ
દિવસન રાત્રૌ સિમરૂ તુજને શ્રીવલ્લભલાલ... હુંતો
નેહના અમૃત વરસાવતી તમારી છાંવ
સદા સર્વદા રાખજો તમારી છાંવ
સદા સર્વદા રાખજો તમારી સાથ... હુંતો
દૃઢભરોસો મુજને તમારો શ્રીવલ્લભલાલ... હુંતો
ઉરખંતરીયે આરાધન તમારું શ્રીવલ્લભલાલ
તમારે ચરનશરેન લાગું પાય શ્રી વલ્લભલાલ... હુંતો
હુંતો શ્રીવલ્લભલાલની નાનકડી બાળ...

**- ઉષા એસ. ધારીયા**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

વર્ષોથી મહિલા વિભાગમાં થતા નવરાત્રિની બહેનો આતુરતાથી રાહ જોતી હોય છે. આ વર્ષે પણ તારીખ૧૫-૧૦-૨૦૧૧ના રોજ બપોરે ૨ કલાકે હિન્દી વિદ્યા ભવનના ઓડિટોરિયમમાં નવરાત્રિના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં બહેનો તથા બાળકોએ શ્રીમતી નિમીષા દેઢિયાની ઓરકેસ્ટ્રાના સથવારે મન મૂકી ગરબાનો આનંદ લૂંટયો હતો.

આ કાર્યક્રમ માટે કુસુમબહેન નવનીતલાલ શાહ (એહાડી) હસ્તે શ્રીમતી કૌશિકા નિલેષ શાહ તરફથી રૂા. ૨૫ હજારનું ડોનેશન મળયુ હતુ. કૌશિકાબહેન તથા રીટા મિનીષ કડકીયાના હસ્તે ઈનામનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહિલા વિભાગ કુસુમબહેન તથા તેમના પરિવાર જનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

નવનિત્રની લ્હાણીમાં રૂા. પચાસ લઈ બે 'Lock & Seal'ના ડબ્બા આપવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત બપોરે ૩ વાગે કરવામાં આવી હતી. પહેલા એક કોમન રાઉન્ડ અને પછી ઉંમર પ્રમાણે ગ્રુપ બનાવી હરિફાઈ રાઉન્ડ રમાડવામાં આવ્યા હતા. બાળકોના ગ્રુપમાં ત્રણ વર્ષથી બાર વર્ષ સુધીના બાળકોનું એટલું સુંદર Dress up હતું અને Performance પણ સુંદર હોવાથી તે ગ્રુપમાં વધારે Prize આપવામાં આવ્યા હતા.

અલ્પાહારમાં પણ આપણી વોલિટીયર્સ બહેનોએ સુંદર રીતે હેન્ડલ કર્યું હતું. જેમાં મિનોતી શાહ, શીલ્પા કચેરિયા, નેહા પરીખ, ફાલ્ગુની, વ્રજબાળા, અશ્વિના તથા સુરેખાબહેન હતા. અને લ્હાણીમાં કમિટિ બહેનો ઉપરાંત મિનાક્ષીબહેન મોદી, તનુજા શાહ તથા નેહા શાહે સુંદર કામગિરી બજાવી હતી. સંસ્થા કમિટિ બહેનો તથા વોલિંટીયર્સ બહેનો તથા આ આયોજનમાં સાથ આપનાર દરેક વ્યક્તિ દાતા તથા બાળકોનો હૃદયપૂર્વક આભાર માને છે.

**વિજેતાઓની યાદી**

| | Best Porformance | Best Dress |
|---|---|---|
| **ગ્રુપ પહેલું ૩ થી ૧૨ વરસના બાળકો** | | |
| 1 | Dweep | Diya |
| 2 | Mahek | Charmi |
| 3 | Jill | Vansh |
| **Conso-** | Kashish | Jia |
| **ગ્રુપ બીજુ ૧૩ થી ૩૫ વર્ષના** | | |
| 1 | Sarjita | Komal |



**મહિલા વિભાગના કન્વીનર નવરાત્રી પ્રસંગે મુખ્ય મહેમાનના પુત્રવધૂ અને એમની દીકરીને પુષ્પ ગુચ્છ આપી બહુમાન કરે છે.**

| | | |
|---|---|---|
| 2 | Sejal Kadakia | Nishika Parikh |
| 3 | Miti | Monali Kadakia |
| **Conso -** Bhavana | | Payal Gandhi |

**ગ્રુપ ત્રીજુ ૩૬ થી ૪૫ વર્ષના**

| | | |
|---|---|---|
| 1 | Neha Kadakia | Jigna Dharia |
| 2 | Rachana | Sonal Shah |
| 3 | Trupti Kadakia | Ami Dharia |
| **Conso -** Rupal Kadakia | | |

**ગ્રુપ ચોથું ૪૬ થી ૬૦ વર્ષના**

| | | |
|---|---|---|
| 1 | Auran | Hansa Parikh |
| 2 | Mona Tanna | Bhavana Gandhi |
| 3 | Dipa Parikh | Dipti |
| **Conso -** Mayuri | | |

**પાંચમું ગ્રુપ ૬૦ વર્ષથી ઉપરની બહેનો**

1 Rekha
2 Kanak Modi
3 Bharati Shah

બેસ્ટ પરર્ફોમન્સ માટે એક વૈષ્ણવ તરફથી

1 Charu Sheth 2) Manjula

ગ્રુપ નં ૧ માં Easha Shah ને Best Dress માટે પન્નાબહેન પરીખ તરફથી રૂા. ૧૦૧નું ઈનામ આપવામાં આવ્યુ હતુ.

નાના ભુલકાંઓ ફક્ત ૪ મહિનાની અને બે વરસની

| | | |
|---|---|---|
| 1 | Kavya Mehta | 4 Month |
| 2 | Shanya Shah | 2 Years |

મંડળ તરફથી રૂા.૧૦૧/- વેલ ડ્રેસમાં આપવામાં આવ્યા હતા.

આ પ્રોગ્રામને સચોટ ન્યાય આપનારા જજ શ્રીમતી કૌમી શાહ અને શ્રીમતી મૌના મહેતાએ સુંદર કામગીરી બજાવી હતી અને એમનું સનમાન ગીફટ અને બુકે આપી શ્રીમતી પ્રતિમા ધારિયા અને શ્રીમતી કામીની શાહ (નગરશેઠ) એ કર્યુ હતુ.

આમ સૌ બાલાસિનોરની બહેનોએ મહિલા વિભાગની નવરાત્રનિા પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.


મહિલા વિભાગ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે મદદ કરનાર સૌનો આભાર માને છે.

**સંયોજક કુંજુ શાહ - Mobile : 9930794424**



**ગરબા રાસની રમઝટ માણતા નાના ભુલકાઓ**

॥ શ્રી ગોકુલેશો જયતિ ॥



# ફગવા ઉત્સવ બાલાસિનોર આમંત્રણ

## શ્રી ભગવદ કૃપાથી શ્રી બાલાસિનોર ગોકુલનાથજી મંદિર

ફગવા ઉત્સવ બાલાસિનોરના મનોરથી બનવાનું સૌભાગ્ય અમોને સાંપડ્યુ છે. આ અલૌકિક પ્રસંગે આપ શ્રી બાલાસિનોર વાસીઓને પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

### ફગવા ઉત્સવ

સંવત ૨૦૬૮ ને ફાગણ સુદી ૯ શુક્રવાર તા. ૨-૩-૨૦૧૨ ના દિવસે. તા. ૧-૩-૨૦૧૨ થી ૩-૩-૨૦૧૨ સુધી વાડીમાં પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. તા. ૨-૩-૨૦૧૨ ને શુક્રવાર શોભાયાત્રા શ્રી ગોકુલનાથજી મંદિરથી બગીચે શ્રી ઠાકોરજીને ખેલવવા લઈ જશે. દિવસ દરમ્યાન ત્યાંજ ઉત્સવ મનાવાશે. સાંજે ૬.૦૦ વાગે વાજતે ગાજતે મંદિર પરત આવશે તા. ૨-૩-૨૦૧૨ ફગવે પ્રસાદની વ્યવસ્થા કરી છે.

તા. ૧-૩-૨૦૧૨ ગુરુવારે સાંજ ૪.૦૦ વાગે કિર્તનીયા તથા ડાંડિયા રાસ રાત્રે૮.૦૦ વાગે રાખવામાં આવેલ છે. દરેક વૈષ્ણવને પધારવા વિનંતી.

તા. ૧-૩-૨૦૧૨ ગુરુવારે સવારે વડોદરા થી બાલાસિનોર જવા માટે તેમજ તા. ૩-૩-૨૦૧૨ બાલાસિનોરથી વડોદરા પાછા આવવા માટે બસની સગવડ કરી છે. પહેલો તે પહેલો ધોરણે નામ લખવામાં આવશે.

આના વ્યક્તિ દીઠ આવવાને જવાના રૂા. ૧૦૦ આપવાનાં રહેશે જે બસમાં પાછા આપવામાં આવશે.

લિ.

સ્વ. ચીમનલાલ છોટાલાલ દેસાઈ

સ્થળ : પાયગા શેરી - બાલાસિનોર નો પરિવાર

**નોંધ : બસ માટે મળવું.**

રજનીકાંત ચીમનલાલ દેસાઈ : મો. : ૯૮૨૦૩૧૭૦૧૨૨, ઘર : ૨૩૮૫ ૮૦૦૭
પરાગ વલ્લભદાસ દેસાઈ : મો. : ૯૩૨૨૩૧૪૧૩૧, ઘર : ૨૯૩૧ ૨૧૧૧, ઓ. : ૨૨૦૧૧૩૦૫
પ્રશાંત વલ્લભદાસ દેસાઈ મો. : ૯૩૨૨૯૫૨૫૫૩, ઘર : ૨૩૮૭ ૭૩૧૭, ઓ. : ૨૨૦૫ ૨૮૩૧

૧૪૦, પ્રીન્સેસ સ્ટ્રીટ, ગોવિંદ બિલ્ડીંગ, ૨ જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તથા પ્રગતિ મંડળની ૪૩મી વાર્ષિક સામાન્ય સભા

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ૪૩મી વાર્ષિક સામાન્ય સભાના પ્રમુખ પંકજભાઈ કાંતિલાલ ધારીઆના પ્રમુખપદે રવિવાર તા. ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ રામા વાટુમલ ઓડીટોરીયમ, કે. સી. કોલેજ, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦માં ભરાઈ હતી. અને કુલ ૧૬૦ સભ્યો હાજર રહ્યાં હતાં.

વાર્ષિક સભાની મિનિટસ મંત્રી શ્રી નિમિષભાઈ મ. કડકીઆ (મલમ) એ વાંચી સંભળાવી હતી, જે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

વાર્ષિક અહેવાલ તથા આવકજાવકના સરવૈયા સહિતના હિસાબો ખજાનચી શ્રી રાજેન્દ્રભાઈ કી. દેસાઈએ રજુ કર્યા હતા અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યાં હતાં.

કન્વીનર શ્રી કીરીટભાઈ ર. કડકીઆ (મલમ) એ ૨૦૧૧-૨૦૧૨ના સભ્યોના પાંચ નામ જાહેર કર્યા હતાં. અને સમાજનો આભાર વ્યક્ત કર્યો હતો.

સમાજના ઓડીટર તરીકે મોસર્સ આઈ.ઓ.ધારીઆ એન્ડ કું. ની નિમણુંક કરવામાં આવી હતી. સભ્યોએ સુચનો કર્યા હતા જેની નોંધ લેવામાં આવી હતી. પ્રમુખશ્રીએ પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું અને આવનાર દરેક સભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તથા પ્રગતિ મંડળ દાતાઓનો સન્માન સમારંભ

પ્રગતિ સમાજના દાતાઓનો સન્માન સમારંભનો કાર્યક્રમ ૪૩મી વાર્ષિક સામાન્ય સભા પછી મુરબ્બી શ્રી રસીકભાઈ સા. મોદી (દેવ)ના મુખ્ય મહેમાન પદેથી કરવામાં આવેલ હતું.

શ્રીમતી મુન્નીબેન પ્ર.ધારીઆ, સોહિનીબેન યો. કડકીઆ તથા શ્રીમતી નીલમબેન ની. પરીખે મંગળાચરણ કર્યા. બધા મુખ્ય મહેમાન તથા બધા હોદ્દેદારોએ મળીને દીપ પ્રાગટય કર્યું હતું. ૯ દાતાઓનું મુખ્ય મહેમાન તથા હોદ્દેદારોએ મળીને બહુમાન કર્યું હતું. દાતાઓને મોમેન્ટો તથા સાલ અર્પણ કરીને તેમનું સન્માન મુખ્ય મહેમાન દ્વારા કરવામાં આવેલ હતું.

આ પ્રોગ્રામનું સંચાલન શ્રીમતી બીજલ અ. ગાંધી તથા શ્રી બંકીમ ર. પરીખના હસ્તે સુંદર રીતે આયોજીત કર્યું હતું. આ બહુમાન પહેલાં બધા સભ્યોએ સંગીતના કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે શ્રી વિનીત આર.મોદી તથા શ્રી ઉર્વીશ આર. મોદી દ્વારા તેઓના પિતાશ્રી રસીકભાઈ મોદી (દેવ) ના નામે સમાજને રૂા. ૧,૦૦,૦૦૦/-નું ડોનેશન મળ્યું હતું. શ્રી દીલીપભાઈ તથા શ્રી પ્રમોદભાઈ એમ. ધારીઆ તરફથી પિતાશ્રી મુળજીભાઈ ધારીયા (લાલખાં) ના જીવનની સદી પુર્ણ કરવાની ખુશીમાં સમાજને રૂા. ૧,૧૧,૧૧૧/-નું ડોનેશન મળ્યું હતું.

## પ્રગતિ સમાજની પહેલી મીટીંગ

પ્રગતી સમાજની પહેલી મીટીંગ સામાન્ય સભા પત્યા પછી મળી હતી. જેનું પ્રમુખસ્થાન શ્રી મીનીષ બા. કડકીઆ (લટકારી)એ સંભાળ્યું હતું.

વર્ષ ૨૦૧૧-૧૨ માટે નીચે જણાવ્યા મુજબ હોદ્દેદારોની તથા પેટા સમિતિની નિમણુંક કરવામાં આવી હતી.

પ્રમુખ : શ્રી નીતીન પ્ર. ગાધી

ઉપપ્રમુખ : શ્રી નિમિષ મ. કડકીઆ
મંત્રી : શ્રી દક્ષેશ બા. કડકીઆ
શ્રી રાજેન્દ્ર કી. દેસાઈ
ખજાનચી : શ્રી પરેશ ર. પરીખ
શ્રી રાજુલ મો. પરીખ
કો.ઓપ્ટ : શ્રી દિનેશભાઈ ચી. પરીખ
શ્રી સમીર સી. શાહ

**પેટા સમિતિ**

**(૧) આર્થિક રાહત**
શ્રી ઉર્વીશ રસીકલાલ મોદી

**(૨) આરોગ્ય ધામ, અતિથિ ગૃહ**
શ્રી મીનીષ બા. કડકીઆ

**(૩) ભંડોળ**
શ્રી વ્રજેશ ન. દેસાઈ

**(૪) મેરેજ બ્યુરો**
શ્રીમતી શિલ્પા ઉર્વીશ મોદી

**(૫) લીગલ અને સ્ટેચ્યુટરી**
શ્રી જતીન ન. દેસાઈ, શ્રી ભાવેશ બી. મોદી

**(૬) મેમ્બર મેનેજમેન્ટ**
શ્રી નીતીન જ. પરીખ

**(૭) પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ**
શ્રી પંકજ કાં. ધારીઆ

**(૮) ઈન્વેસ્ટમેન્ટ રીલીફ સ્કીમ ૨૦૦૯**
**ધ હાયર એજ્યુકેશન રીલીફ**
શ્રી નીમીષ મ. કડકીઆ

**(૯) જોબ ઓપોરચ્યુનીટી**
શ્રી યોગેશ ર. ધારીઆ

**મંત્રી - દક્ષેશ બા. કડકીઆ, રાજેન્દ્ર કી. દેસાઈ**

## ગોકુલનાથજી મંદિરની ગૌ શાળા માટે ઘાસ મિતિ યોજના હેઠળ મળેલ દાન.

૧) ચંચળબેન/સાંકરલાલ ચુનીલાલ પરીખ (તાતીયા)
૨) મંજુલાબેન નવનીતલાલ સાંકરલાલ પરીખ
૩) કમલેશ નવનીતલાલ પરીખ
૪) અમીત નવનીતલાલ પરીખ (યુ.એસ.એ. પરિવાર)
૫) નીલેશ નવનીતલાલ પરીખ
૬) છાયાબેન કીરણકુમાર શાહ (વડોદરાવાળા) પરિવાર તરફથી (યુ.એસ.એ.)
૭) હીનાબેન લલીતકુમાર દેસાઈ (ઈન્દોરવાળા)
૮) નટવરલાલ મોજીલાલ દોશીની જન્મ મિતિ
૯) નટવરલાલ મોજીલાલ દોશીની મરણ મિતિ
૧૦) તારાબેન નટવરલાલ દોશીની જન્મ મિતિ
૧૧) તારાબેન નટવરલાલ દોશીની મરણ મિતિ
૧૨) મૃદુલાબેન રમેશભાઈ ધારીઆ
૧૩) બાબુલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)
૧૪) કુસુમબેન બાબુલાલ કડકીઆ (મલમ)
૧૫) વૃજબાળાબેન નટવરલાલ કડકીઆ (લટકારી)
૧૬) નટવરલાલ મગનલાલ કડકીઆ
૧૭) અલ્કાબેન શીરીષભાઈ ધારીઆ
હસ્તે : કુસુમબેન બાબુલાલ મોદી
૧૮) ચંદનબેન ઓચ્છવલાલ મોદી (કારકુન)
૧૯) આશાબેન વિરેન્દ્ર ગાંધી સુરતી
૨૦) જીતેન્દ્ર કાંતિલાલ મોદી
૨૧) શશીકાંત ચીમનલાલ ધારીઆ
૨૨) હીરાલાલ મણીલાલ ડાબલી (બલબલ)
હસ્તે : કોકીલાબેન હીરાલાલ (ડાબલી)
૨૩) નવનીતલાલ કોદરલાલ શાહ (અહોડી)
૨૪) પ્રેરક પી. દ્રેશી
૨૫) સુર્યાબેન રમેશચંદ્ર હાથીખાનાવાળા

**ગોકુલનાથજી મંદીરની ગૌ શાળામાં નીચે મુજબ નવી ગાયનું દાન આવેલ છે.**
રૂા. ૩૦,૦૦૦/- બાબુભાઈ ભીખાલાલ પરીખ (બખલી)
રૂા. ૩૦,૦૦૦/- પ્રવીણચંદ્ર ચંદુલાલ કડકીઆ (ખીસાદાર)

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ - બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

મંડળની વાર્ષિક સામાન્ય સભા (AGM) તારીખ : ૧૮મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ આયોજિત કરવામાં આવી હતી. ત્યારબાદ મળેલ પહેલી સભામાં વર્ષ ૨૦૧૧-૧૨ની કારોબારી સમિતિની નિમણુંક કરવામાં આવી હતી.

**કારોબારી સમિતિ ૨૦૧૧ - ૨૦૧૨**

**પ્રમુખ**

શ્રી રસિકભાઈ મણિલાલ લાકડાવાળા

**ઉપપ્રમુખ**

શ્રી અસિત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા)

શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)

**માનદ્ મંત્રી**

શ્રી શરદ નટવરલાલ દેસાઈ

શ્રી મંજુલ શૈલેષ ધારીઆ

**માનદ્ ખજાનચી**

શ્રી નિકેશ જયેન્દ્ર ગાંધી

શ્રી હિતેશ રજનીકાંત પરીખ (જુનાગઢવાળા)

**ટ્રસ્ટી**

શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય)

શ્રી પ્રવિણચંદ્ર મુલજીભાઈ પરીખ (બખલી)

શ્રી મધુસુદન ભિખાલાલ કડકીઆ (ફાડીઆ)

**સભ્ય**

શ્રી વસંત કાંતિલાલ મોદી (વિમાવાળા)

શ્રી ચંદ્રકાંત ચીમનલાલ દેસાઈ

શ્રી જતીન નવનીતલાલ દેસાઈ

શ્રી બિપીન કિર્તનલાલ દોશી

શ્રી પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ (પી.કે.)

શ્રી અશ્વિન કાંતિલાલ ધારીઆ (બલબલ)

શ્રી અનુપ સોમાલાલ શેઠ

શ્રી જસ્મિન બિપીનચંદ્ર શેઠ (અત્તરવાલા)

શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)

**કો-ઓપ્ટ**

શ્રી ચેતન કાંતિલાલ મોદી (બંગડી)

શ્રી શિરીષ જગમોહનદાસ પરીખ (ચા ગરમ)

ગત માસ દરમિયાન મંડળને નીચે મુજબ દાન મળેલ છે.

૧. શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા)
   'પોસ્ટ ગ્રેજ્યુએટ શિક્ષણ યોજના - માસ્ટર્સ ડીગ્રી'
   રૂા. ૭,૫૦,૦૦૦/-
૨. ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ (લાલખાં)
   રૂા. ૧,૧૫,૦૦૦/-
૩. શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ
   રૂા. ૧,૦૦,૦૦૦/-
૪. શ્રી સતીષ ભિખાલાલ પરીખ (રોકડીયા)
   રૂા. ૧,૦૦,૦૦૦/-

મંડળ દાતાઓ અને તેમનાં પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માને છે. **માનદ્ મંત્રીઓ :**

**શરદ નટવરલાલ દેસાઈ, મંજુલ શૈલેષ ધારીઆ**

**શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ**

## મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળના મેડીકલ સેન્ટર માટે કોમ્પ્યુટર અને એકાઉન્ટસના અનુભવી તથા અંગ્રેજી સારુ બોલી શકતા હોય એવા સ્ત્રી/પુરુષની જરૂર છે. સંપર્ક સાધવો. યોગ્ય લાગશે તો નોકરી પર રાખી શકાશે. બાયોડેટા લખીને મેડીકલ સેન્ટરની ઓફીસમાં મોકલવો.

**મંત્રી - શ્રીમતી સોહીણી કડકીઆ**

**શ્રી પરેશ આર. પરીખ**

# બાલાસિનોર વિદ્યા મંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાના શુભેચ્છક અને અગ્રગણ્ય સામાજીક કાર્યકર મુ. શ્રી પ્રવિણભાઇ ધારીઆ (સી.એ.) ની સાથે એમના બે ચાર્ટર્ડ એકાઉટન્ટ મિત્રો ની આપણી કોલેજની મુલાકાત દરમિયાન સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અને કોલેજ ના વિદ્યાર્થીઓને અપાતી અદ્યતન સગવડો અને શ્રેષ્ઠ સુવિધાઓથી પ્રભાવિત થઇને શ્રી હરિવદનભાઇ ધગટ (સી.એ.) મુંબઇ એ રૂ.૫,૦૦૦ (પાંચ હજાર) નો ચેક ભેટ રૂપે મોકલી આપ્યો છે. આપણાં બીજા સામાજીક કાર્યકર શ્રી ધીરૂભાઇ શેઠ ના સુપુત્ર શ્રી જય ધીરૂભાઇ શેઠે રૂ.૧૦,૦૦૦ (દસ હજાર) નો ચેક સંસ્થાને વિદ્યાર્થીઓનાં શિક્ષણ લાભાર્થે મોકલ્યો છે.

સંસ્થાએ બંને દાતાઓનાં દાન ની રકમ આર્થિક રીતે નબળાં વિદ્યાર્થીઓના ગુજરાત યુનિવર્સીટી માન્ય “Scope Course” ના કોમ્પ્યુટર ફી ની રાહત માટે ફાળવી છે. આ કોર્સની ફી રૂ.૧,૩૫૦ છે અને રૂ. ૮૫૦ વિદ્યાર્થીએ ભરતાં , બાકીના રૂ.૫૦૦ સંસ્થાએ આ દાનની રકમમાં થી ભરી છે. આ સવલતનો લાભ કુલ ૩૫ વિદ્યાર્થીઓને મળ્યો છે.

સંસ્થા આ બંને દાતાઓનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમનાં પરિવાર નાં સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પરમ કૃપાળુ ઇશ્વરને પ્રાર્થના કરે છે.

ઋગવેદ નો એક શ્લોક છે દાતા ભવતિ વા ન વા, જેનો અર્થ છે, સો માણસોમાં એકાદ જ શુરવીર મળે, હજારોમાં એકાદ જ વિદ્વાન હોય, દસ હજારે એક સારો વક્તા હોય જ્યારે દાનવીર તો હોય કે ન હોય....

**બાલાસિનોર વિદ્યા મંડળ કારોબારી સમિતિ વતી**

---

# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે તરૂલાતાબેન શેઠની વરણી

બાલાસિનોર તાલુકાના ગરીબ આદિવાસી વિસ્તાર વેરાસામાં શૈક્ષણિક વિકાસ અને અંધશ્રધ્ધા, કુવિચારો દૂર કરી સામાજીક વિકાસ માટેના કાર્યો માટે સ્થપાયેલ મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ શ્રી નવનીતલાલ મણીલાલ શાહ (ઝાટ) એ ઉંમર અને શારીરીક સ્થિતિને અનુલક્ષી પ્રમુખ તરીકે રાજીનામું આપતાં ટ્રસ્ટના પ્રમુખ તરીકે શ્રીમતી તરૂલતાબેન પ્રફુલભાઈ શેઠની બિન હરીફ વરણી કરવામાં આવી છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે શ્રી પ્રવિણભાઈ જીવરામ સેવક (પત્રકાર) અને મંત્રી તરીકે શ્રી ડાહ્યાભાઈ બી. ગાંધી (શિક્ષક)ની વરણી કરવામાં આવી છે. શ્રી નવનીતભાઈ શાહ, સ્થાપક પ્રમુખ, ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે જરૂરી માર્ગદર્શન આપશે. વેરાસા માટે દાન-મદદ આપવા નીચે મુજબ સંપર્ક કરવા વિનંતી.

- **શ્રીમતી તરૂલતાબેન પ્રફુલભાઈ શેઠ (મુંબઈ)** - ૯૮૨૧૦૩૭૩૦૦
- **શ્રીમતી અનુબેન જે. શેઠ (મુંબઈ)** - ૯૮૨૧૨૩૪૩૧૩
- **શ્રી નવનીતલાલ મણીલાલ (ઝાટ) (બાલાસિનોર)** - ૦૨૬૯૦-૨૬૬૭૯૮
- **શ્રી પ્રવિણભાઈ જે. સેવક (બાલાસિનોર)** - ૯૪૨૭૦૮૩૧૯૯

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**૧) દિનેશ કાન્તીલાલ ધારીયા**
બી-૪૦૩, રાજેશ્રી એવેન્યુ, ૪ થે માળે
મહીષા ટેમ્પલની પાછળ, જય રાજ નગર
બોરીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
ફોન : ૨૮૯૮૨૪૪૩

**૨) નીતીન કીર્તનલાલ મોદી**
સી/૧૫૦૧, ગાર્ડન ગ્રોવા કોમ્પલેક્ષ
ક્લોવર ગ્રોવ, સત્ય સાંઈ કોમ્પલેક્ષની સામે
ચીકુ વાડી, લીંક રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦ ૦૯૨
ફોન : ૨૮૩૩૮૬૯૫
મોબાઈલ - ૯૯૨૦૪૯૯૧૬૯

**૩) દક્ષેશ ગોપાલદાસ દેસાઈ**
એ-૬૧, યોગી છાયા, એ-૨૦૪, એકસર રોડ,
યોગી નગર, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૨

## નવા ટેલીફોન નંબર

**નેશકૃતિ આશિષ રાવલ** - ૯૩૨૧૩૧૧૦૦૫

## લગ્ન નોંધ

**સૌમિલ દિલીપ ધારીઆ (લાલખાં)**
**તન્વી પંકજ ગાંધી (પાકા)**

## મલાડ વસતા બાલાસિનોરવાસીનું સમુહ ભોજન

મલાડમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમુહ ભોજન તા. ૮.૧.૨૦૧૨ના રવિવારે રાખેલ છે. મલાડમાં વસતા તમામ બાલાસિનોરવાસીઓને સવારના ૧૧.૦૦ કલાકે સમુહ ભોજનમાં નીચેના સરનામે પધારવા વિનંતી છે.

**સ્થળ :** નડીઆદવાલા માર્કેટ હોલ, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટરની સામે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૭

## લગ્ન પ્રસંગે મળેલ દાન

- શ્રીમતી ભાવના પંકજ કીર્તનલાલ ગાંધી
  રૂા. ૫૧૦૦૦/- તેમની પુત્રી ચિ. તન્વીના લગ્ન પ્રસંગે
- શ્રી પરેશ પુનમચંદ ધારીઆ (બલબલ)
  રૂા. ૫૧૦૦૦/- તેમની પુત્રી ચિ. શિવાની લગ્ન પ્રસંગે

## તેજસ્વી તારલાં

**કુમારી શિવાની સમીર ધારીઆ** B.E. (Computer Engineering) માં First Class Distinction સાથે પાસ થયેલ છે. સંસ્થા વતી તેમને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| લીલાબેન કીરતનલાલ પરીખ (તાતીયા) | ૮૨ |
| શિલ્પા નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) | ૪૮ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

**3rd Cover Page**



મીસ્ટર એન્ડ મીસીસ 'ચલો બાલાસિનોર' કપલ્સ ગેમના વિજેતા શ્રી કેતન આર. કડકીઆ અને તૃપ્તી કેતન કડકીઆ



શ્રી બાલાસિનોર દશાનીમા વણીક વાડીમાં 'ચલો બાલાસિનોર' માં સ્વાદિષ્ટ ભોજન માણતાં સ્વજનો